# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/૨૨૯૨ તા. ૦૮/૦૧/૨૦૨૧

**પરિપત્ર-** ૨૨૯૪

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના તમામ ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રો પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા આચાર્ય મંડળ, અધ્યાપક મંડળ અને વહીવટી કર્મચારી મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને હોદ્દેદારોને જણાવવાનું કે આગામી તારીખ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ સ્વામી વિવીકાનંદજીની ૧૫૮ મી જન્મ જયંતિ આવી રહી છે. ભારત સરકારશ્રી દ્વારા ૧૨ જાન્યુઆરીને "રાષ્ટ્રીય યુવા દિવસ" તરીકે પણ જાહેર કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ સમગ્ર વિશ્વમાં ભારતીય વિચારધારાની પ્રતીતિ કરાવનાર એવા સ્વામી વિવીકાનંદજીના વિચારો અને જીવન દર્શનની અનુભૂતિ આપણને સૌને થાય એ માટે માન. કુલપતિશ્રીના માર્ગદર્શન અનુસાર તા.૧૨/૦૧/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે સિસ્કો-વેબેક્સના માધ્યમથી ઓનલાઈન બેઠકનું આયોજન કરેલ છે. આ બેઠકમાં માન. કુલપતિશ્રી અને ડો. રાજેશ વ્યાસ, એસો. પ્રોફેસર, એસ.પી.ટી. આર્ટસ અને સાયન્સ કોલેજ, ગોધરા વ્યાખ્યાન આપશે. તો આપ સર્વેને આ બેઠકમાં જોડવા વિનંતી છે. આ બેઠકની લીંક આપના કોલેજના ઓફિસિયલ ઈ-મેઈલ આઈ.ડી. પર તા.૧૨/૦૧/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ કલાક સુધીમાં મોકલી આપવામાં આવશે જેની નોધ લેશો.

કા. કુલસચિવ<br>
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી<br>
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના તમામ ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રો પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા આચાર્ય મંડળ, અધ્યાપક મંડળ અને વહીવટી કર્મચારી મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને હોદ્દેદારો તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.